સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ખીલી'તી સંખ્યા પ્રચારની ત્યાં સૂરજ નમી ગયો !
પોરે ચઢ્યું'તું પાણી 'પાટીલ' ઊભરો શમી ગયો!
થંભી ગયો 'બૂલેટ' મળ્યું ન સિગ્નલ હાકોટાને -
'કૃષિ કાયદા' માં પેસી 'કોરોના' દાવ રમી ગયો!
(ગાજ્યાં એટલું વરસ્યા નહીં !)

હાઈકુ

ચીખો છો ભલે !
ધાર્યું ધણીનું થાય -
પલ્લું ની પાંય...
(કૉંગીભાજપી ને મળી ટિકીટો)

'આત્મા' વિના ને
મળે શરીર સત્તાનું
ભોગવો ભોગ!
(ત્રીજું જોખમી સાહસ)

ચિંતન

આદાનસ્ય પ્રદાનસ્ય કર્તવ્યસ્ય ચ કર્મણ ।
ક્ષિપ્રમક્રિયમાણસ્ય કાલ: પિબતિ તદ્રસમ્ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

જેમાં આપલેનો વ્યવહાર હોય અને જે કર્મ કરવા લાયક હોય, તે કાર્ય જો જલ્દી કરવામાં ન આવે તો, તે વાત નો રસ કાળ પી જાય છે, તેમાં હાનિ થાય છે.

પૈસા, વસ્તુઓની લેતી-દેતી કે વાહન જેવી મોંઘી કિંમતી જણસો એકબીજાને આપવાનો વહેવાર હોય તે બરાબર છે પણ એ વ્યવહાર 'ચોખ્ખો' રાખવા બે પક્ષમાંથી પછી માગણી-ઉઘરાણીનું સ્વરુપ લે તેના પહેલાં વહેવાર ચોખ્ખો કરી નાખવો જોઈએ નહીં તો પછી સંબંધ ને આંચ આવે છે.

સુવિચાર

- તમારાં બાળકો તમને શબ્દોથી નહીં, તમારાં જીવનથી તમને તપાસશે - **વેન ડાયર**
- જો તમને આત્મ વિશ્વાસ ન હોય, તો આ જગત ડરામણું છે - **સંત રોબિન**
- વૈધિક શિક્ષણ તમારું પેટ ભરશે, સ્વ કેળવણી તમને સમૃદ્ધ બનાવશે - **જીમ રોન**
- આનંદ કેવળ પરિણામમાં જ નથી હોતો, તે મેળવવાના માર્ગમાં પણ હોય છે - **રિચાર્ડ બોલેસ**
- શાંતિ, આંતર્જ્ઞાન અન ડહાપણ ત્યારે જ પ્રગટે છે, જયારે આપણે કશું ઈચ્છા વિના કે પકડ્યા વિના કે નકાર્યા વિના આ પળમાં પોતાને સંપૂર્ણ રીતે સ્થિર કરીએ છીએ - **ધ્યાન સંપૂટ**
- તમારું મહત્ત્વ એટલે છે કે તમે જીવનનો દિવ્ય હેતુ સિદ્ધ કરવા આવ્યા છો - **સર. એકહાર્ટ**
- આજનું ઔષધ : પાંચ શેરી ખજૂર ઘીમાં સાંતળી ને ભાત સાથે ખાવાથી નબળાઈ દૂર થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બનારસ હિંદુ યુનિવર્સિટી માટે પંડિત મદનમોહન માલવિયાએ દાન માગવાનું અભિયાન ચલાવ્યું, તેઓ જાહેરમાં કબૂલાત કરતાં કે 'ભીખ માગવી સારી નથી, પણ જો કોઈ સદકાર્ય માટે ભીખ માગવી પડે તો હું પોતે ભીખ માગીશ.' પંડિતજી કલકત્તાના એક સજ્જનના ઘરે દાન માંગવા પહોંચ્યા. એ સજ્જનના પત્નિએ પોતાની સોનાની પાંચ બંગડી દાનમાં આપી. અને એ સજ્જને એ જ બંગડીઓ બમણાં બાવ આપીને ખરીદી લીધી. અને પંડિતજીને ધાર્યા કરતાં ઘણું રોકડ દાન મળ્યું. સજ્જન પાસેથી વિદાય લીધી ત્યારે સાંજ પડી ગઈ હતી. અંધારાનો લાભ લઈને એક બદમાશ તેમની રોકડા નાણાંની થેલી ઝૂંટવીને નાસી ગયા. પંડિતજીના એક શિષ્યએ કહ્યું, 'આપના આ પવિત્ર અભિયાનમાં પણ બદમાશો વિઘ્ન નાખવાનું છોડતા નથી. અને આપ આ રોકડા નાણાં લઈને તમારા જીવને શું કામ જોખમમાં મૂકો છો. આ દેશ તમારા જેવા ભલા ભોળા માણસોને સમાજ ઉપયોગી કામ કરવા નહીં દે. તમે હજી થોભી જાઓ.' માવલીયાજીએ કહ્યું, 'અરે ભાઈ, એ બદમાશ તો એક જ હતો. એક બદમાશની સામે બીજા સો ભલા માણસો મળશે. તમે ફિકર ન કરશો, હું દુર્જનોથી હાર માનવાનો નથી. જો બધા સદ્કાર્યો છોડવા લાગશે તો સદ્પ્રવૃત્તિઓ અટકી જશે. અને એવું થશે તો દુનિયા નરક બની જશે.' માલવિયાજીના આત્મવિશ્વાસ ભર્યા અભિગમને લીધે એમના શિષ્યના અભિગમમાં સકારાત્મક પરિવર્તન આવ્યું.

ચીન 'એનાવાળી' કર્યા વગર નહીં જ રહે

તંત્રીસ્થાનેથી...

આખી દુનિયા એક તરફ એ અને 'સુપર પાવર' બની ચૂકેલું ચીન બીજી તરફ. એ જુદી વાત છે અવારનવાર મિતભાષી અને સ્મિતભાષી ચીની 'સરમુખત્યાર' શી જિન પિંગ દુનિયાના બધા દેશોને હળીમળીને રહેવાની અને આવી પડેલી મહામારીની વૈશ્વિક સમસ્યાનો સાથે મળી ઉકેલ શોધી કાઢવાની સૂફિયાણી સલાહ આપતા રહે છે. ચીનના વિસ્તારવાદી વલણ સામે દુનિયાના એક માત્ર 'કાયમી કપટી મિત્ર' પાકિસ્તાન સિવાય તમામને વાંધો છે. ચીન માટે એના પ્રતીક 'ડ્રેગન' પ્રાણીના નામનો વિરંવાર ઉપયોગ થતો રહ્યો છે. ડ્રેગન એક વિકરાળ-પુરાકલ્પન છે જે આખી દુનિયાને ગળી જઈ શકે છે. ચીન માટે આપણે કરચલા જેવા દરિયાઈ જીવનું પ્રતીક પણ યોજી શકીએ. કરચલાને અંગ્રેજીમાં કેન્સર કહે છે : એ ફેલાવા લાગે છે ત્યારે ચોતરફ સિફતપૂર્વક ફેલાઈ જાય અને પછી દરદી માટે બચવાની બહુ જ ઓછી તકો રહેતી હોય છે. ચીની કરચલો દક્ષિણ ચીન સમુદ્રમાં એના પગ પસારી ચૂક્યો છે. ચીનની સરહદથી ફક્ત ૧૬૦ કિ.મી. દૂર તાઈવાનની સરહદ છે. તિબેટની જેમ ચીન તાઈવાનને ગળી જવા કૃતસંકલ્પ છે. ભારત માટે ચીન શરૂથી જ શિરોવેદના સર્જતું રહ્યું છે. નહેરુને બ્રેઈન એટેક લાવનાર ચાઉએનલાઈ કરતાં ચીનના વર્તમાન સર્વેસર્વા ઓછા ક્રૂર નથી. એ જુદી વાત છે કે ૧૯૬૨ની ભારતીય સૈન્ય શક્તિ અને ૨૦૨૦ની સૈન્ય શક્તિ વચ્ચે આભ-જમીનનું અંતર છે. ભારત દર ચોથા દિવસે સ્વદેશી મિસાઈલોનું પરીક્ષણ કરીને ચીનને આડકતરો એ જ સંદેશ પાઠવી રહ્યું છે. ચીને લદ્દાખલ સરહદ પર ૬૦,૦૦૦ સૈનિકો ખડકી દીધા છે તે એની દાનતનો સ્પષ્ટ સંકેત છે. બોલતાં તો બોલી જવાયું કે ચીને ક્યાંક ભારતીય સરહદમાં પ્રવેશ નથી કર્યો પણ નરેન્દ્ર મોદીને હવે પાકે પાયે ખબર છે કે ચીને લદ્દાખ અને સિક્કિમ સરહદે હજારો ચોરસ કિલોમીટર ભારતીય વિસ્તાર દબાવી દીધો છે અને સૈનિકીય, ડિપ્લોમેટિક કે રાજકીય ચર્ચા વિચારણાઓ પછી પણ તે એ વિસ્તારનો કબજો છોડવા તૈયાર નથી. ભારત માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. પરંતુ 'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ' વાળી ઉતાવળ પણ ભારતને ભારે પડી શકે છે, ચીને વારંવાર ભારતને રોળીટોળી નાખવાની પ્રચંડ સૈન્ય શક્તિનો દાવો કરેલો છે જે ખોટો પણ નથી. ઓછામાં પૂરું સાવ દેવાળિયું બની ગયેલું પાકિસ્તાન તો એની તમામ જમીન ભારત વિરુદ્ધ કાશ્મીરથી કચ્છ સુધીની સરહદો સળગાવવાની ખુલ્લી સમંતિ આપી ચૂક્યું છે. આવા સંજોગોમાં ચીન વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય પરિબળો એક યા બીજા સ્થળે બેઠકો યોજી અને નિયંત્રણમાં રહેવાના મેસેજ પહોંચાડતાં રહે છે. હમણાં જ ટોકિયો ખાતે જાપાન, ભારત અને અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના રાજદ્વારીઓની બેઠક યોજાઈ હતી. પરંતુ અમેરિકાના વિદેશમંત્રી માઈક પોમ્પિયો કહે છે એમ ચીન આવી બેઠકોને ગણકાર્યા વગર એની આગવી વિસ્તારવાદી નીતિને અમલી બનાવવા વધુને વધુ સક્રિય બનતું રહ્યું છે. અમેરિકાનો સુપ્રસિદ્ધ સાતમો નૌકા કાફલો નહેરુના સમયમાં હિંદ મહાસાગરમાં આવી પહોંચ્યો હતો એ જ ઈતિહાસ આજે ફરીવાર મોદી શાસન દરમિયાન રિપીટ થઈ રહ્યો છે. અમેરિકાની મદદ વગર ભારત એકલા હાથે ચીનને નહીં જ પહોંચી વળે એ મતલબનાં નિવેદનો અમેરિકાના રાષ્ટ્રપ્રમુખથી લઈ વિદેશમંત્રી અને સૈન્ય સલાહકાર વહેતાં મૂકતા હોય ત્યારે સ્વાભાવિક રીતે જ ભારતીય સૈન્યના મનોબળ પર નકારાત્મક અસર ઊભી થાય. આપણા રાષ્ટ્રવાદી વડાપ્રધાન કેમ મૌન ધારણ કરી રહ્યા છે તે સમજાતું નથી.

એક જ ગુનામાં બે એક્ટ લાગતા હોય ત્યારે કયા ગુનાને મોટો ગણવો ? તેની સમજૂતી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

હેતુ વધુ વિશાળ હોય તે મોટો કાયદો. બે વિશેષ કાયદાઓ એકબીજા સાથે ટકરાતા હોય તો જે કાયદાનો હેતુ વધુ વિશાળ હોય તેને ચઢીયાતો માનવો જોઈએ.

એટ્રોસિટિ એક્ટએ એસ.સી., એસ.ટી. સમુદાયના લોકો ઉપર થતા અત્યાચારને રોકવા માટે ખાસ કાયદો છે. જ્યારે પોસ્કો એક્ટ એ તમામ બાળકો ના રક્ષણનો અને સલામતી આપવા માટેનો કાયદો છે. એટ્રોસિટીનો કાયદો ૧૯૮૯માં બન્યો છે. જ્યારે પોસ્કોનો કાયદો સને ૨૦૧૨માં બનેલ છે. એટ્રોસિટી એક્ટમાં સને ૨૦૧૫માં અને તાજેતરમાં જ સુપ્રિમ કોર્ટે સુધારો કર્યો છે.

બાળકોની જાતિ તેના કલ્યાણ કે સુરક્ષા કરતા ક્યારેય વધારે ચઢીયાતીના હોઈ શકે. તાજેતરની રેપ પિડિતા બાળકી પુખ્ત વયની નથી તેના ઉપર થયેલ અત્યાચારએ પોસ્કો એક્ટ મુજબ થયેલ અત્યાચાર ગણાય ત્યારબાદ એટ્રોસિટી એક્ટ લાગે તેથી પોસ્કો હાલના સંજોગોમાં બાળકી ઉપર થયેલ અમાનવીય અત્યાચારના કારણે મોટો કાયદો સદર કેસમાં બની જાય છે.

જ્યારે એક જ કેસમાં એટ્રોસિટી અન પોસ્કો એમ બે વિશેષ કાયદા હેઠળ ગુનાઓ નોંધાયેલા હોય ત્યારે આરોપીઓની જામીન અરજમાં એટ્રોસિટી કરતા પોસ્કોનો કાયદો મોટો ગણવો જોઈએઅ ને જામીન અરજ લગત તે સંદર્ભે કેસની ગંભીરતા જોઈ હુકમ કરવો જોઈએ.

નામ. ગુજરાત હાઈકોર્ટે સદર કેસમાં અવલોકન કરતા જણાવ્યું કે, આરોપીની જામીન અરજના અનુસંધાનમાં પોસ્કો કાયદાને એટ્રોસિટીના કાયદાથી ચઢીયાતો માનવો જોઈએ. ભે વિશેષ કાયદાઓ એકબીજા સાથે ટકરાતા હોય ત્યારે જે કાયદાનો હેતુ વધુ વિશાળ હોય તે કાયદાને જ વધુ ચઢીયાતો માની ન્યાય કરવો જોઈએ.

કેસની વિગત મુજબ મહિસાગર જીલ્લામાં દલિત સગીરા સાથે સામુદાયિક દુષ્કર્મની ઘટના બનેલી છે. આ કેસમાં છ આરોપીઓની ધરપકડ પણ પોલીસ દ્વારા કરવામાં આવેલ અને ત્યારબાદ નામ. કોર્ટમાં રીમાન્ડ માટે રજુ કરવામાં આવેલા જે એફ.આઈ.આર. જોતા પોસ્કો અને એટ્રોસિટી બંને કાયદાની કલમો મુજબ ફરીયાદ નોંધવામાં આવેલ જ્યારે એફ.આઈ.આર. બે કાયદા અન્વયે હોય તો આરોપીઓએ કયા એક્ટ અન્વયે જામીન અરજી નામ. કોર્ટમાં સી.આર.પી.સી.ની કલમ : ૪૩૯ મુજબ અરજ ગુજારેલ હોય ત્યારે એટ્રોસીટીના કાયદાની કલમ : ૧૪(એ)(૨) મુજબ આરોપીએ જામીન અરજી અલગથી કરવી પડે. બંને કાયદાની એક જ જામીન અરજ ના થાય. બંનેમાંથી કયો કાયદો મોટો ગણવો તે કાયદાનો હેતુ જોયા બાદ તથા આરોપીના કૃત્યને જોયા પછી જ ખબર પડે. એક જ એફ.આઈ.આર.માં એટ્રોસીટી અને પોસ્કોના ગુનાઓ લખેલા હોય તો સી.આર.પી.સી. ની કલમ : ૪૩૯ મુજબ કયા ગુનામાં જામીન આપવા બંને ગુના લાગેલા હોય તો એટ્રોસિટી નહી પણ પોસ્કોનો કાયદો મોટો ગણી તે લગત જામીન અરજ ઉપર નીચલી કોર્ટે હુકમ કરવો જોઈએ. તેમ નામ. ગુજરાતની વડી અદાલતે તાજેતરમાં મહિસાગર જીલ્લામાં સગીરા ઉપર કરેલ અત્યાચારના કેસમાં આરોપીએ રજુ કરેલ જામીન અરજીની સુનવણી દરમ્યાન તારણ કાઢેલ.

એટ્રોસિટી એક્ટ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ઉપરના અત્યારચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ અન્વયે ભારતીય બંધારણના અનુચ્છેદ : ૧૫(૪) મુજબ આ કાયદાને રક્ષિત કરવામાં આવ્યો છે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ને સામાજિક ન્યાય મળી રહે તે માટેનો આ કાયદાનો હેતુ છે. આ કાયદાની જોગવાઈનો લાભ સુપ્રિમ કોર્ટના ૧૯૯૫ના એક ચુકાદા અન્વયે મુસ્લિમ અને ખ્રિસ્તિ લોકોને મળી શકતો નથી. જ્યારે બે અર્થઘટન થતા હોય ત્યારે જે અર્થથી કાયદાનો હેતુ જાળવી શકતો હોય તે અર્થ કરવો જોઈએ.

આ એક્ટ મુજબના કેસો ચલાવવા કલમ : ૧૪ પ્રમાણે રાજ્ય સરકાર વડી અદાલતના મુજબ ન્યાયમૂર્તિ સાથે પરામર્શ કરીને રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરી દરેક જીલ્લા માટે સેસન્સ ન્યાયાલયને ખાસ ન્યાયાલયનો દરજ્જો આપી નિર્દેષ કરે તે અદાલતને ખાસ ન્યાયાલય ગણી આ પ્રકારના કેસો એડીસનલ સેસન્સ કોર્ટમાં ચાલે છે. આ એક્ટના ગુના માટે સરકાર પક્ષે ફરીયાદીને ખાસ પબ્લીક પ્રોસીક્યુટર કલમ : ૧૫ પ્રમાણે એડવોકેટને નિમણૂક ખાસ ન્યાયાલયમાં કેસ ચલાવવા કરી શકે છે. જે જાહેરનામું ગુજરાત સરકારે ૩૧/૦૧/૧૯૯૦ માં બહાર પાડેલ છે.

સંવિધાનના અનુચ્છેદ : ૩૪૧, ૩૪૨ મુજબ કોને અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ ગણવી તે રાષ્ટ્રપતિ રોઈ રાજ્ય અથવા સંઘ રાજ્ય ક્ષેત્ર માટે કરે છે. તેમજ રાજ્યની બાબતમા તેના રાજ્યપાલશ્રી સાથે વિચારવિનિમય કરીને રાજ્યપત્રીત જાહેરનામાથી પ્રસિધ્ધ કરે છે. તે મુજબ આવા પ્રકારના ગુના સાથે અન્ય ગુનો આરોપી આચરે તો તેનો હેતુ વિશેષ જોઈએ. તે પ્રમાણે જામીન અરજનો નિકાલ કોર્ટે કરવાનો રહેશે.

થવા દે થાય તે, અમને નથી ડર, જોઈ લેવાશે!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

થવા દે થાય તે, અમને નથી ડર, જોઈ લેવાશે!
જમાનામાં ગગન પર તારલા - શું સ્થાન તો લાધ્યું;
ચમકવું કેટલું ક્યારે ? વખત પર જોઈ લેવાશે ?
- હેમંત દેસાઈ

આપણને જયારે કોઈ વડીલ કે સંત-મહાત્મા સમતામાં રહેવા સૂચવે ત્યારે આપણને તે સલાહ કે સૂચન અવ્યવહારિક જેવું લાગે છે ! તકલીફોમાં થાકી જવું અને ખુશીની ક્ષણ આવે ત્યારે ઝૂમી ઊઠવું એ આપણા સૌનું સહજ વ્યક્તિત્વ છે. સમતામાં રહીને જીવતાં આપણને આ 'કોરોના' કાળે શીખવ્યું છે!

આપણે ઘણી-બધી નવી પરિસ્થિતિને સ્વીકારતા થયા છીએ. આપણે બધા જે રીતે પૂરઝડપે દોડી રહ્યા છીએ એ જોતાં લાગે કે દરેકને ઝડપથી ક્યાંક પહોંચી જવું છે. અને એ ક્યાં જગ્યા છે એની આપણને પોતાને જ ખબર નથી! આવી આ રફતારભરી જિંદગીમાં 'કોરોના' એક Speed breaker (સ્પીડ બ્રેકર)ની જેમ આવી ગયો અને આપણને બધાને થોડા સમય માટે Pause (પોઝ) મોડ પર મૂકી દીધા. પરસ્પર એકબીજાની મદદ કરવી, આપણા ઘરે કામ કરવા વર્ષોથી જે ભાઈઓ-બહેનો આવે છે તેને આપણા ઘરે ન આવવા કે કામ ન કરવા છતાં આપણે તેમને પૂરું વેતન આપ્યું અને આ ઉપરાંત પણ બનતી સહાય કરી. આવી અનેક સકારાત્મક બાબતો દર્શાવે છે કે આપણે બધા અંદરથી કેટલા સંવેદનશીલ છીએ! આપણું પોતાનું અને સમાજનું આ સંવેદનાસભર સ્વરુપ આજથી નહિં વર્ષોથી રહ્યું છે. સમયાંતરે એનું સ્વરુપ ચોક્કસ બદલાયુ હશે પણ અંદરથી એ હંમેશા એકસરખું જ રહ્યું છે.

સમતા એ આજનો યુગધર્મ છે અને સર્વોદય આવી સમતા સાધવા માગે છે. સર્વોદયની આવી મહેચ્છાના મૂળમાં છે — માણસની માણસાઈમાં વિશ્વાસ. જો આવો વિશ્વાસ ન હોય, તો ન તો કદી સર્વોદય આવી શકશે, ન સમાજવાદ સ્થાપી શકાશે ન કોઈ પણ જાતની સજ્જનતાભરી સમાજરચના ઊભી કરી છે. આવા વિશ્વાસ વિના કોઈ પણ સારી રચના જ નહીં થઈ શકે.

તેથી સર્વોદયના કામમાં આપણને માણસની માણસાઈમાં મૂળભૂત વિશ્વાસ છે સોક્રેટિસે કહ્યું છે કે માણસ મૂળતઃ સજ્જન છે, તેનામાં જે દોષો દેખાય છે. તે અજ્ઞાનને કારણે છે તથા જ્ઞાન દ્વારા માણસના બધા દોષો, બૂરાઈઓ વગેરે દૂર કરી શકાય છે. આ બધાની પાછળ માણસની દુષ્ટતા નહીં અજ્ઞાન છે, માણસ મૂળતઃ સજ્જન છે.

માણસની માણસાઈમાં આવો વિશ્વાસ, એ સર્વોદયનો પાયો છે. ભૂદાનયજ્ઞમાં માણસના દિલમાંની પ્રેમ અને સદ્ભાવનાની વૃત્તિને કેળવવાનો પ્રયાસ થયો. જુઓ. ને ! આટલાં વરસ હજારો લોકોએ મારાં ભાષણ અત્યંત શાંતિથી ને પ્રસન્નતાથી સાંભળ્યાં. હું એમને કાંઈ એમના સ્વાર્થની વાત નહોતો કરતો. હું એમને દાન આપવાનું કહેતો, બીજા માટે ઘસાવાનું કહેતો. એમને તે સાંભળવું સારું લાગતું, મીઠું લાગતું. એટલે કે અંદરથી તે ચીજ એમને પસંદ છે, પછી ભલે પોતે તે મુજબ ન પણ કરી શકતા હોય. આના ઉપરથી ખબર પડે છે કે માનવ-સ્વભાવ મૂળમાં કેવો છે.

ટૂંકમાં, પહેલી વાત એ કે માણસ સ્વભાવથી સ્વાર્થી, લોભી કે એકલપેટો નથી, પણ ખોટી સમાજરચનાને કારણે એમ વર્તતો થઈ ગયો છે. આપણે જો ઉચિત ને અનુકૂળ સમાજ-વ્યવસ્થા ઊભી કરી શકીએ, તો પ્રેમ કરવો, બીજા માટે ઘસાવું વગેરે તેની મૂળભૂત સ્વાભાવિક વૃત્તિઓને વ્હોરી ઊઠવા માટે પૂરતો અવકાશ મળે.

બીજી વાત એ છે કે માનવ-સ્વભાવ એ કોઈ નિયમિત ને સ્થિર વસ્તુ છે નહીં, એ તો બદલાતો આવ્યો છે, સતત વિકસિત થતો આવ્યો છે, અને હજીયે તે આતી જ રીતે બદલાતો રહેશે, વિકાસ પામતો રહેશે. તેનો સાચી દિશામાં વિકાસ થાય, તે આપણે જોવું જોઈએ.

વિનોબા ભાવે

Last Seen

જગતની બધી ટીકાને સોનાનાં કાટલાંથી ન તોળીએ, પણ લોખંડ કે પથરા જોખવાનાં કાટલાં વાપરીએ. તેમાં મણ-અધમણનો તો હિસાબ સરખો યે ન હોય.

- મોક. ગાંધી

- nehalgadhavi101@gmail.com

દ્રવિડ પ્રદેશમાં હવે કમળ ખીલવવાની વેતરણ

અતિતની આજ
ડો. હરિ દેસાઈ

રાજકીય ક્ષેત્રમાં તળિયે બેઠેલી નીતિમત્તામાં સાવ ખાડે ગયેલા મનાતા તમિળનાડુમાં રાજકીય દેવી તરીકે પૂજાતાં રહેલાં જયલલિતા જયરામના નિધન પછી એમના અન્નાદ્રમુકમાં પડેલાં તડાંને રેણ મારવામાં મહત્વની ભૂમિકા ભજવ્યા પછી આ રાજ્યમાંથી લોકસભા અને વિધાનસભામાં તેમ જ રાજ્યસભામાં સાવ જ નામશેષ થયેલા કેન્દ્રના સત્તારૂઢ પક્ષ ભારતીય જનતા પક્ષ માટે આવતા વર્ષે વિધાનસભા ચૂંટણીમાં કેરળની જેમ પોતાના એકાદ-બે પ્રતિનિધિ ચૂંટી મોકલવાની તક મળે એવા સંજોગો નિર્માણ થયા છે. સામાન્ય રીતે કન્યાકુમારી લોકસભા બેઠક ભાજપ જીતતો હતો, પણ છેલ્લી લોકસભા ચૂંટણીમાં આ બેઠક પણ એના હાથમાંથી સરી ગઈ હતી. ભાજપને માટે ઝટકારૂપ બાબત તો એ હતી કે વર્ષ ૨૦૧૬ની ચૂંટણીમાં અન્નાદ્રમુકની સરકાર ફરી બની. દ્રમુક અને ભાજપ બંને માટે માઠા સમાચાર હતા. જોકે પ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ જયાઅમ્માના નિધન પછી એમની પસંદના મુખ્યમંત્રી ઓ.પનીરસેલ્વમ થોડો સમય મુખ્યમંત્રી રહ્યા, પણ વર્ષ ૨૦૧૭માં જયાઅમ્માનાં અનન્ય સાથી અને સહજેલવાસી એવાં શશીકલાના નિષ્ઠાવંત ઈ.કે. પરણીસામી મુખ્યમંત્રી થયા અને પક્ષનાં બંને ફાડિયાં દિલ્હીશ્વરના ઈશારે ભેગાં થયાં અને પનીરસેલ્વમ નાયબ મુખ્યમંત્રી બન્યા. લોકસભાની છેલ્લી ચૂંટણીમાં ફરીને વિક્રમી સંખ્યાબળ સાથે વડાપ્રધાન બનેલા નરેન્દ્ર મોદીએ તમિળનાડુમાં પોતાના પક્ષને એકેય બેઠક ના મળ્યાનો અફસોસ વ્યક્ત કરવા સિવાય આરો નહોતો.

- **જેલમુક્ત થતાંની સાથે જ શશીકલાઅમ્મા હવે સલામતી કાજે નવાં સમાધાનો શોધશે**
- **પરણીસામી આવતા વર્ષની ચૂંટણીમાં ભાજપના અઘોષિત ટેકે ફરી સત્તારૂઢ થઇ શકે**
- **૧૯૬૭થી દ્રવિડ શાસિત પ્રદેશમાં કરુણાનિધિ એમજીઆર અને જયાઅમ્માનો ખાલીપો**
- **લોકસભા કે ધારાસભામાં ભાજપના એક પણ સભ્ય નથી એ મહેણું ભાંગવાના ઉધામા**

અન્નાદ્રમુક-ભાજપ વિ. દ્રમુક-કૉંગ્રેસ

તમિળનાડુમાં લોકસભા ચૂંટણીમાં કુલ ૩૯ બેઠકોમાંથી સૌથી વધુ બેઠકો દ્રમુકને મળી એટલું જ નહીં, દ્રમુકના પ્રત્યક્ષ કે પરોક્ષ સાથી પક્ષો બહુમતી બેઠકો જીત્યા એ રાજ્યમાં સત્તારૂઢ અન્નાદ્રમુક અને કેન્દ્રમાં સત્તારૂઢ ભાજપ માટે ચિંતાનો વિષય હતો. જોકે રાજભવનમાં બેઠેલા કેન્દ્રના પ્રતિનિધિ એવા રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત મુશ્કેલીમાં આવી પડેલી અન્નાદ્રમુકની વહારે ધાતા રહ્યા. વિધાનસભામાં લઘુમતીમાં આવી પડેલી પરણીસામીની સરકારને ઉગારી લેવાથી માંડીને બેંગલુરુમાં જેલવાસી એવાં શશીકલાની હરામની કમાઈ જેવી હજારો કરોડની સંપતિને કેન્દ્રની એજન્સીઓ થકી જપ્ત કરવાની કાર્યવાહી પણ ચાલતી રહી. હવે શશીકલા જેલમુક્ત થવામાં છે ત્યારે કશું આડુંઅવળું ના કરે અને કેન્દ્ર સાથે સુમેળ સાધીને આવતીકાલોમાં રાજકારણ ખેલે એવા સંકેત અપાઈ ગયા છે. આ જોડાણો અઘોષિત હોવા છતાં સ્વયં સ્પષ્ટ છે. ભાજપ અને અન્નાદ્રમુક વચ્ચે તેમજ દ્રમુક અને કૉંગ્રેસ વચ્ચે અઘોષિત સમજૂતિ તો થયેલી જ મનાય છે એટલે આવતી વિધાનસભામાં અન્નાદ્રમુક-ભાજપ જોડાણ અહીં પરણીસામીના નેતૃત્વમાં અને દ્રમુક-કૉંગ્રેસ-ડાબેરી જોડાણ એમ.કે.સ્ટાલિનના નેતૃત્વમાં ચૂંટણી લડે એ લગભગ સ્પષ્ટ છે.

સંસદ અને ધારાસભાની સ્થિતિ

તમિળનાડુમાંથી લોકસભા અને રાજ્યસભા તેમજ વિધાનસભાની સ્થિતિ પર થોડી નજર કરી લેવાની જરૂર ખરી. વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં ૩૯ બેઠકોમાંથી ૨૪ બેઠકો દ્રમુકને ફાળે ગઈ હતી. કૉંગ્રેસને ૮ બેઠકો, સામ્યવાદી અને માર્કસવાદી પક્ષને બબ્બે, અન્નાદ્રમુકને માત્ર ૧ બેઠક તેમ જ મુસ્લિમ લીગને ૧ વીસીકેને ૧ બેઠક મળી હતી. કૉંગ્રેસના સભ્યના નિધનથી ૧ બેઠક ખાલી છે. રાજ્યસભાની કુલ ૧૮ બેઠકોમાંથી અન્નાદ્રમુકની ૮, દ્રમુકની ૭, એમડીએમકે -૧, પીએમકે-૧ અને ટીએમસી (એમ)-૧ બેઠક છે. ૨૩૪ સભ્યોની વિધાનસભામાં અન્નાદ્રમુકની સભ્યસંખ્યા ૧૨૫ છે, જયારે દ્રમુકની ૯૭ છે. કૉંગ્રેસની માત્ર ૭, મુસ્લિમ લીગની ૧ અને ૩ બેઠકો ખાલી છે.

પરણીસામીની સર્વમિત્ર છબી

હમણાં મુખ્યમંત્રીપદના ભાવિ ઉમેદવાર તરીકે વર્તમાન મુખ્યમંત્રી પરણીસામીની જ વરણી થઈ છે અને એમની સર્વમિત્ર તરીકેની છબી એમને આવતા દિવસોમાં પણ ફરીને મુખ્યમંત્રી બનાવે એવી ગણતરી મંડાઈ રહી છે. વર્તમાન મુખ્યમંત્રી વિવાદમાં આવ્યા નથી અને સમગ્ર રાજ્યના પ્રતિનિધિ હોવાની છબી ઉપસાવી શક્યા હોવાનું તમિળનાડના અધિક મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થયેલા ગુજરાતી સનદી અધિકારી દેવેન્દ્ર કે.ઓઝા પણ જણાવે છે. મૂળે ૧૯૫૮ની કેડરના ગાંધીવાદી આઈએએસ રહેલા ઓઝાનો જીવ તમિળનાડુનીવર્તમાન રાજકીય અવસ્થા નિહાળીને કનાસવો સ્વાભાવિક છે કારણ અહીં નીતિ મૂલ્યો તળિયે ગયાં છે અને કોઈપણ રાજકીય પક્ષ પાસેથી એમાં સુધારાની અપેક્ષા કરી શકાય તેમ નથી. વાસ્તવિક પરિસ્થિતિને સ્વીકારી લીધા સિવાય છૂટકો નથી. ક્યારેક સી.રાજગોપાલાચારી કે કામરાજ જેવી વ્યક્તિઓ અહીં શાસન કરતી હતી. કૉંગ્રેસના આંતરકલહના પ્રતાપે ૧૯૬૭થી અહીં દ્રમુક કે અન્નાદ્રમુકનું શાસન વારફરતાં આવતું રહ્યું છે.અહીંના ચાર મુખ્યમંત્રી અને લોકપ્રિય નેતા અશ્ાાદુરાઈ, કરુણાનિધિ, એમ.જિ.રામચંદ્રન અને જયલલિતાનો ખાલીપો જરૂર વર્તાય છે. એમણે કેન્દ્રમાં ક્યારેક જોડાણો બદલવાનું કામ કર્યું છે, પણ રાજ્યમાં દ્રવિડ ચળવળના નામે જ રાજ કરતાં રહ્યાં છે. છેવટે દિલ્હીમાં જે સત્તામાં હોય તેમની સાથે રહીને અહીં દ્રવિડ પક્ષો શાસન કરતા રહ્યા છે. વાંકું પડે ત્યારે અલગ દ્રવિડ નાડુનો આલાપ જપવામાં પણ એમને છોછ રહ્યો નથી.

- haridesai@gmail.com